# પરિષદ-પ્રમુખનો પત્ર

## નવાં પુસ્તકોની માહિતી જિજ્ઞાસુ વાચકો સુધી કઈ રીતે પહોંચી શકે ?

વિમોચન અને લોકાર્પણ એ સાહિત્યક્ષેત્રમાં આજના બહુ પ્રચલિત શબ્દો છે. ક્યારેક અંગ્રેજી શબ્દ Launching પણ વપરાય છે. તે ઘણે અંશે માર્કેટિંગની પરિભાષાનો શબ્દ છે. પહેલાં વિમોચન શબ્દ જ પ્રયોજાતો હતો. હવે તેનું સ્થાન મહદ અંશે લોકાર્પણ શબ્દે લીધું છે. સાક્ષરવર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને વિમોચન શબ્દ યોગ્ય લાગતો નહોતો. તે અંગ્રેજી શબ્દ રિલીઝનો અનુવાદ છે તેમ તેઓ માનતા. પુસ્તકના પ્રકાશનમાં કાંઈક મુક્ત, છૂટું કરવાનું હોતું નથી એવી તેમની માન્યતા હતી. વિમોચનને બદલે તેમણે 'મંગલ પ્રકાશન' શબ્દ સૂચવ્યો હતો, પણ તે પ્રચલિત થઈ શક્યો નહિ. 'વિમોચન' શબ્દનું વર્ચસ્વ લાંબો સમય રહ્યું પણ હવે 'લોકાર્પણ' શબ્દનું પ્રાધાન્ય વર્તાય છે.

પુસ્તક લેખક લખે અને પ્રકાશક એને પ્રકાશિત કરે એ પછી તે વાસ્તવમાં લોકોની સંપદા બને છે. લેખક, પ્રકાશક અને વાચકનો ત્રિકોણ લગભગ અનિવાર્ય છે. જે લોકોની સંપદા છે તે લોકોને અર્પણ થાય તેમાં ઔચિત્ય છે. તેથી 'લોકાર્પણ' શબ્દ યોગ્ય લાગે છે.

પ્રશ્ન એ ઊઠે કે પુસ્તકોના લોકાર્પણ કરવાં જરૂરી કે અનિવાર્ય છે ? સુપ્રસિદ્ધ વાર્તાલેખિકા હિમાંશીબહેન શેલત પુસ્તકોનાં લોકાર્પણની તરફેણ કરતાં નથી. એક સમારંભમાં એક બહેને તેમને પૂછ્યું કે, તો પછી તમારું કયું નવું પુસ્તક પ્રકાશિત થયું છે તેની અમને જાણ શી રીતે થાય ? પ્રશ્ન વાજબી છે. નવાં પુસ્તકના પ્રાગટ્યની માહિતી જિજ્ઞાસુ વાચકો સુધી પહોંચવી તો જોઈએ જ. એનો એક ઉપાય પુસ્તકના લોકાર્પણનો છે, પણ હવે ક્યારેક આ સમારંભો મહદ્ અંશે પ્રશંસામૂલક અને ઔપચારિક બન્યા છે તેથી હિમાંશીબહેન તેની તરફેણ ન કરે એ સમજી શકાય છે, પરંતુ બધા લેખકો અને પ્રકાશકો તેવો સંયમ કદાચ ન પણ પાળી શકે. સન ૧૯૯૨ સુધી મારા એક પણ પુસ્તકનું વિમોચન કે લોકાર્પણ થયું નહોતું. ત્યાં સુધીમાં મારાં પચાસેક પુસ્તકો તો પ્રગટ થયાં જ હશે. પછી મેં સ્થાનિક પ્રકાશક સાથે સંબંધ જોડ્યો, એટલે મારાં પુસ્તકોનાં લોકાર્પણનો ક્રમ શરૂ થયો. અને હું પણ તેનાં પ્રલોભનમાં ગૂંથાયો. આ તો થઈ અંગત વાત.

નવાં પુસ્તકોના પ્રકાશનની માહિતી જિજ્ઞાસુ વાચકો સુધી સમયસર પહોંચે તે માટેના બીજા માર્ગો પણ છે. બધા પ્રકાશકો પોતાનાં સૂચિપત્રો પ્રગટ કરે છે. કેટલાકનાં તો મુખપત્રો પણ હોય છે. તેમાં સાહિત્યસામગ્રીની સાથે જે-તે પ્રકાશકનાં નવાં પુસ્તકોની માહિતીનો પણ સમાવેશ થતો હોય છે. આ સૂચિપત્રો કે મુખપત્રો ઉત્સુક વાચકો સુધી પહોંચે એની વ્યવસ્થા થયેલી હોય છે અને તેને વધારે વ્યાપક બનાવી શકાય. ખરો જિજ્ઞાસુ વાચક તો શક્ય એટલા વધારે પ્રકાશકોનાં સૂચિપત્રો કે મુખપત્રો પણ મેળવી શકે. તો નવાં પુસ્તકોની માહિતી વાચકો સધી પહોંચવાની સમસ્યા હળવી થઈ શકે.

પ્રકાશકો અને ક્યારેક લેખકો પાસે બીજો માર્ગ નવાં પુસ્તકોને સમીક્ષકો સુધી પહોંચાડવાનો પણ છે. પહેલાં વધારે પ્રમાણમાં અને હવે ઓછા પ્રમાણમાં થોડાંક અખબારો નિયમિતપણે સાહિત્ય વિભાગ પ્રકાશિત કરે છે. બધાં વર્તમાનપત્રો સપ્તાહે એક વાર પણ સાહિત્યરંગી બને તો તેઓ વાચકોના સાહિત્યરસનું પોષણ કરી શકે. અખબારોના સાહિત્ય વિભાગોમાં અન્ય વાચનસામગ્રીની સાથે નવાં પુસ્તકોનાં અવલોકનો અને બીજું કાંઈ નહિ તો સ્વીકારનોંધ તેઓ આપે તો તે યોગ્ય જ લેખાય. કેટલાક અગ્રણી સાહિત્યકારો વર્તમાનપત્રોમાં કટારો લખે છે તેમાં પણ ક્યારેક નવાં પુસ્તકોનો આસ્વાદ સામેલ કરાય છે. આ પ્રશસ્ય છે. પુસ્તકપરિચયની નિયમિત કટાર વધારે આવકારપાત્ર ઠરે.

હવે અવારનવાર ક્યાંક ને ક્યાંક નાનાં-મોટાં નગરો કે કસ્બાઓમાં પ્રકાશનસંસ્થાઓ અને ક્યારેક સાહિત્યસંસ્થાઓ દ્વારા પુસ્તકમેળાઓ યોજાય છે. તેમાં ક્યાંક લોકોની થોડી તો ક્યાંક કુતૂહલવશ પ્રજાની મોટી હાજરી જોવા મળે છે. પુસ્તકોનું વેચાણ પણ ત્યાં થાય છે. પુસ્તકપ્રસારમાં આ એક મર્યાદિત પણ ઉપયોગી ઉપક્રમ છે. 'વાંચે ગુજરાત' અભિયાનના આરંભ પછી સવિશેષપણે અને તે પહેલાં પણ ક્યારેક ગ્રંથઆસ્વાદના કાર્યક્રમો યોજાતા રહે છે. આવા કાર્યક્રમો નોંધપાત્ર ગ્રંથોનો સાહિત્યરસિકોને આસ્વાદ કરાવવામાં સારા એવા ઉપકારક બન્યા છે. તેનાથી પણ વાચકો ગ્રંથાભિમુખ બની શકે. હવે ક્યારેક કોઈ પ્રકાશક કે સામાજિક સંસ્થા પુસ્તકોની મોબાઇલ વાન પણ ચલાવે છે. આવાં વાહનો ગામડાંઓ સુધી પહોંચે તે આનંદજનક છે.

પુસ્તકો વિશેની માહિતી અને અવલોકનો સાહિત્યસેવી વાચકો સુધી પહોંચાડવાનો એક ચિરપરિચિત ઉપક્રમ તે સાહિત્યિક તથા અન્ય પ્રકારનાં સામયિકોમાં પુસ્તકોનાં અવલોકનો અને સ્વીકારનોંધ નિયમિત પ્રગટ થાય એ તો છે જ. આવાં બધાં સામયિકો આ પરંપરાને અનુસરે છે. વાચકો માટે તે માર્ગદર્શક બને પણ છે. બધાં નવાં પુસ્તકોનાં વિગતવાર અવલોકનો પ્રસિદ્ધ કરવાનું કદાચ સામયિકો માટે શક્ય ન બને, પરંતુ તેની ખોટ પૂરવા માટે મિતાક્ષરી અને સાત્ત્વિક અવલોકનો તો તેઓએ પ્રગટ કરવાં જ જોઈએ. સ્વીકારનોંધ વિનાનો તો સામયિકોનો એક પણ અંક આવવો ન જોઈએ. આ ઉપક્રમો સંપાદકો અને સમીક્ષકો પાસે અપાર શ્રમ, પ્રામાણિકતા અને વિવેચનશક્તિ માગી લે છે. પુસ્તકોનાં અવલોકનો પ્રકાશિત કરવામાં મૈત્રીધર્મ, રાગદ્વેષ અને આળસ વગેરે ન હોવાં ઘટે. જો આવી બહુવિધ નિષ્ઠા દાખવાય તો પુસ્તકોનાં લોકાર્પણના ઔપચારિક સમારંભો યોજવાની અનિવાર્યતા ઘટી જાય. દડો એક રીતે વાચકોના પ્રાંગણમાં પણ જઈ પડે છે. તેઓ જેટલા ઉત્કટ જિજ્ઞાસુ, જાગ્રત અને આગ્રહી હોય એટલી જ એમની પાસે નવાં પ્રકાશનોની માહિતી અને સમીક્ષાઓ પહોંચી શકે.

તા. ૫-૧૦-૨૦૧૦, સુરત

**ભગવતીકુમાર શર્મા**